# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-07-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## ડેટા પોલિસી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી 2026-29'નું લોન્ચિંગ કરતા જણાવ્યુ કે, આ પોલિસી દ્વારા ગુજરાત દેશમાં ડેટા સેન્ટર સ્થાપના માટે બેસ્ટ ડેસ્ટિનેશન બનશે.

શ્રી પટેલે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ભારત વિશ્વના સૌથી મોટા ડેટા યુઝર અને ડેટા ઉત્પાદક દેશોમાં સ્થાન મેળવી રહ્યું છે. ડિજિટલ યુગમાં ડેટા જ વિકસિત ભારતના આર્થિક વિકાસનો નવો આધાર બની ડિજિટલ અર્થવ્યવસ્થાને નવી દિશા આપી રહ્યો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની મજબુત વિશ્વસનીયતાને કારણે આ પોલિસીની 7.5 ગીગાવોટની ક્ષમતા સામે દેશ વિદેશની અગ્રણી કંપનીઓના તેના કરતાં બમણી ક્ષમતાની માંગ સાથેના માંગણી પત્રો સરકારને મળ્યા છે.

ડેટા સેન્ટરમાં સૌથી વધુ વીજળી અને પાણીની જરૂરિયાત હોવાથી આ પોલિસી હેઠળ ડેટા સેન્ટરોમાં વપરાતી કુલ ઉર્જામાંથી 51 ટકા ઉર્જા ફરજિયાતપણે હરિત ઉર્જા જ વાપરવી પડશે, જેથી દરિયાના પાણીને મીઠું કરવા માટેના ડીસેલીનેશન પ્લાન્ટ પર ભાર મૂકીને પાણી પુરવઠો આપવામાં આવશે.

---

## બસ પોર્ટ

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ આગામી સમયમાં ખાનગી બસ માટે બસ પોર્ટ બનાવવાની જાહેરાત કરી.

ગાંધીનગરમાં મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ શો 'પ્રવાસ' ના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતા તેમણે દેશના અર્થતંત્ર અને પ્રગતિમાં પરિવહન ક્ષેત્રના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જાહેર પરિવહનને સુવિધાજનક, આર્થિક રીતે પરવડે તેવું અને સુલભ બનાવવાની ઓપરેટરોને અપીલ કરી હતી.

---------------------------------------------------------------------------------

## અતિ વરસાદ

રાજ્યમાં પડેલા ભારે વરસાદના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દક્ષિણ ગુજરાતની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જેને લઈને નવસારી-વલસાડના જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓ અને ધારાસભ્યો તથા પદાધિકારીઓ સાથે ભૂપેન્દ્ર પટેલે બેઠક યોજી હતી.

તાજેતરના ભારે વરસાદને કારણે ઉભી થયેલી સ્થિતિમાં વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલ બચાવ-રાહતની કામગીરીની પણ સમીક્ષા કરી હતી. નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેમજ સહાય કામગીરી અંગે જરૂરી દિશાનિર્દેશ પણ અધિકારીઓને આપ્યા હતા.

આ બેઠકમાં કેન્દ્રીયમંત્રી સી.આર.પાટીલ, સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય કનુ દેસાઈ સહિત નેતાઓ હાજર રહ્યા હતા.

---------------------------------------------------------------------------------

## વરસાદ આગાહી

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ બાદ હવે વરસાદનું જોર ઘટ્યું છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. 12 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના પણ આપવામાં આવી છે. તેમ હવામાન વિભાગના ડાયરેક્ટર ડોક્ટર એકે દાસે જણાવ્યું  હતું.

---------------------------------------------------------------------------------------

## જ્ઞાન સહાયક ભરતી

ધો.9 થી 12ની શાળાઓમાં 11 માસના કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ કરાઈ છે. ઉમેદવારો 15 જુલાઈના રાત્રે 11:59 વાગ્યા સુધી અરજી કરી શકશે. જ્ઞાન સહાયક (માધ્યમિક) માટે માસિક 24 હજાર ફિક્સ મહેનતાણું અને મહત્તમ વયમર્યાદા 48 વર્ષ છે. જ્યારે જ્ઞાન સહાયક (ઉચ્ચતર માધ્યમિક) માટે માસિક 29 હજાર ફિક્સ મહેનતાણું અને મહત્તમ વયમર્યાદા 50 વર્ષ નક્કી કરાઈ છે. શિક્ષણ વિભાગના 6 જુલાઈના ઠરાવ મુજબ ભરતીના પ્રથમ તબક્કામાં માત્ર TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચતર માધ્યમિક) પાસ ઉમેદવારો અરજી કરી શકશે. ખાલી જગ્યાના   આધારે ત્યારબાદ કોઈપણ વર્ષમાં TAT પાસ ઉમેદવારોને તક અપાશે અને જો ત્યારબાદ પણ જગ્યાઓ ખાલી રહેશે તો અંતિમ તબક્કામાં માધ્યમિક માટે સ્નાતક તથા ઉચ્ચતર માધ્યમિક માટે અનુસ્નાતક શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવાશે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ઇંગ્લેન્ડની ટીમે ભારતને નવ વિકેટે હરાવી ચોથી ટી 20 મેચ સાથે શ્રેણી જીતી લીધી છે. બ્રિસ્ટોલ ખાતેની મેચમાં ભારતે 7 વિકેટ ગુમાવી 158 રન કર્યા હતા. સુકાની શ્રેયસ ઐયર 80 રન કરી નોટ આઉટ રહ્યા હતા. જવાબમાં ઇંગ્લેન્ડની ટીમ 1 વિકેટ ગુમાવી 159 રન કરી વિજયી બની હતી. હેરી બ્રુક 79 અને ફિલ સોલ્ટ 59 રન કરી નોટ આઉટ રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## ભુજ સુધરાઇ

ભુજ સુધરાઈની કારોબારી ચેરમેન કમલ ગઢવીની અધ્યક્ષતામાં મળેલી કારોબારી સમિતિની વર્તમાન બોડીની પ્રથમ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ માટે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. શહેરના કરોડો રૂપિયાના ટેન્ડરો અને આયોજનોને બહાલી આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------